# માત્ર ૯૦ દિવસમાં સૌથી નંબર-૧ પુસ્તક તરીકે એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ ગુજરાતી આવૃત્તિપ્રસિધ્ધ

(કમલ શાહ)અમદાવાદ,તા.૨૯

ગુજરાતીઓની ઉદ્યોગ મારસિકતા અને માર્કેટની નાડ પારખુ સહિત સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔધોગિક જગતના ઈતિહાસના એક નહી પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના કારસના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. આવોજ એક કિસ્સો બહુ નાની વયે પોતાની બુધ્ધિથી ભારતમાં એક વિશ્વકક્ષાનું માર્કેટ ઉભુ કરીને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું હતું. તેની રજે રજ માહિતી વરિષ્ટ પત્રકાર શાંતનુ ગુહા રે એ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યુ હતુ.

શાંતનુ ગૃહા રે ના પુસ્તક ધ ટાર્ગેટની અંગ્રેજીને મળેલા અભુતપુર્વ પ્રતિસાદના કારણે ધ ટર્ગેટની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મુકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ એમેઝોન પર બિજનેશ અને ઈકોનોમી કેટેગરીમાં સૌથી વધુ વેચાણ નંબર-૧ પુસ્તકનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

ધ ટાર્ગેટ પુસ્તમાં જિજ્ઞેશને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. વરિષ્ટ પત્રકાર શાંતનું ગુહા રે લિખિત આ પુસ્તક વાચ્યાબાદ નેશનલ સ્ટોક એકક્ષચેન્જ પ્રકરણની સંખ્યાબંધ અનુતર સવાલોની જવાબ મળી રહે છે. કેટલાક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદા પાર પાડયા જિજ્ઞેશ શાહને એકસક્ષેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બાહાર ધકેલી દિધા તેનું વિસ્તૃત વર્ણન કરાયું છે.

આ સ્થાપિત હીતો કોણ હતા અને તેમનાા બદ ઈરાદો ક્યા અને કેવા હતા. તેના પર શંતનુ ગૃહા પ્રકાશ પાડયો છે. અને દેશમાં ચાલતી રાજકરણીઓ અને અમલદાર શાસને સાંગમાઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે. આ પુસ્તક ૨૫૩ પાનાનુ છે. જેની કિંમત અંદાજીત રૂા.૧૯૫ રખાઈ છે.